**C. C. NO.12059/2019**

## //આંક–૧ લગત હુકમ//

આ કામે આરોપી ની સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૮૫(૧), ૬૬(૧)(બી) હેઠળ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. પોલીસ પેપર્સ, ચાર્જશીટ અને પંચોના નિવેદન વંચાણે લેવામાં આવ્યા છે. તે સબંધિત કલમ ૮૫ ને રીફર કરવામાં આવેલ છે.

**કલમ ૮૫ મુજબનો ગુનો:**–જે કોઈ વ્યકિત, જેમાં લોકોને આવ–જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

કલમ ૮૫માં જે શબ્દ લખવામાં આવ્યા છે તે જોતાં દારૂ પીને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તણુંક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય તો જ કલમ ૮૫ હેઠળ આરોપી સામે કાર્યવાહી ચાલી શકે છે.

હવે, કલમ–૬૬(૧)(બી) ધ્યાને લેતાં, પાસ કે પરમીટ વગર અફીણ કે શણ સિવાયના માદક પદાર્થના ઉપયોગ અંગે કરવામાં આવેલ જોગવાઈ છે.

વ ધુમાં મુંબઈ નશાબંધી (ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી) નિયમો ૧૯૫૯ના નિયમ ૩ ફોર્મ–એ ને પણ રીફર કરી તે જોતા કોર્ટનો અભિપ્રાય છે કે, તબીબી અધિકારી ફકત એની સ્પીચ નોર્મલ છે અથવા તો ઈનકોહરેન્ટ છે, ફકત આ જણાવવાનું હોય છે. એમાં ભાષાથી સંકળાયેલ કોઈ જોગવાઈ નથી.

આ કામે પોલીસ ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પં ચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહીના નમુનાનું પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ જાહેરમાં કોઈ ઉપદ્રવ ઉભો કરેલ હોય કે કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતા હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતા હોય, કોઈ પણ સ ત્રી સાથે ગેરવર્તણુંક કરતા હોય તેવું રેકર્ડ પર આવેલ નથી અને તેથી આરોપીએ પ્રથમ દર્શનીય રીતે કલમ–૮૫(૧)(૩) મુજબનો નહી પરંતુ કલમ–૬૬ (૧)(બી) હેઠળનો ગુનો કરવાનું જણાઈ આવે છે. જે ચાર્જશીટ, પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ ૮૫ના આવશ્યક તત્વો ફલીત ન થવાનું આ અદાલતનો અભિપ્રાય છે.

જેથી આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ ૮૫(૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જણાઈ આવતો ન હોય આરોપી વિરુધ્ધ ૮૫(૧)ના ગુનાની કાર્યવાહી પડતી મુકી પ્રોહી કલમ ૬૬(૧ )(બી) મુજબ આગળની ઈન્સાફી કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

રાજકોટ (એસ.સી.મકવાણા)

તા.12/11/2022 એડી. ચીફ જયુડી.મેજી., રાજકોટ